# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ.,ગોધરા દ્વારા શિયાળુ મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંતર્ગત ખેડૂત તાલીમ યોજાઈ.

પંચમહાલ જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે તા.૧૮/૧૧/૨૦૧૯ ના રોજ "શિયાળુ મકાઈની વૈજ્ઞાનિક ખેતી" અંગે સદગુરુ ફાઉન્ડેશન, ચોસાલા દ્વારા દાહોદ જિલ્લાના ખેડૂતમિત્રો માટે તાલીમનું આયોજન કરેલ હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા સદગુરુ ફાઉન્ડેશન, ચોસાલા દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે એક દિવસિય તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૫ થી ૪૦ જેટલા ટ્રાઇબલ વિસ્તારના આદિજાતિના ખેડૂતમિત્રોએ તેમજ અત્રેના કેન્દ્રની મુલાકાતે આવેલા આત્મા પ્રોજેક્ટ, અરવલ્લીની ૬૦ થી ૬૫ જેટલી બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.આ તાલીમ કાર્યક્રમમાં કેન્દ્રના યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક ડૉ.એમ.બી.પટેલએ મકાઈની મુલ્ય વર્ધિત જાતો, સંયોજિત જાતો અને સંકર જાતો અંગેની માહિતી આપી તથા સંકર બિયારણ ઉત્પાદન માટેની તાંત્રિકતા સમજાવેલ હતી.

શ્રી કે.એચ.પટેલે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક એગ્રો) દ્વારા શિયાળુ મકાઈની વૈજ્ઞાનિક અને નફાકારક ખેતી પદ્ધતિ અંગે તેમજ ખાતર તથા નિંદામણ વ્યવસ્થાપન વિષે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી તથા મકાઇ પાકને બે ફૂટના ગાળે વાવવા ભલામણ કરેલ હતી.

શ્રી ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો તેમજ મકાઇ પાકમાં આવતી નવીન જીવાત લશ્કરી ઇયળ વિષે વિસ્તૃતમાં માહિતી આપેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ડી.એમ.રાઠોડે કરેલ હતું અને ખેડૂત મિત્રો ના પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવેલ હતું.




